For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

**ટ્રેક્ટર માલિકો રિફ્લેક્ટર કે સાઇનબોર્ડ લગાડતા નથી અને પોલીસ તમાશો જુએ છે**

# હીરાબાગ બ્રિજ પર ઉભેલા ટ્રેક્ટરની પાછળ બાઈક અથડાતાં ત્રણનાં મોત

**ભાઈની** સાસુના મરણ પ્રસંગથી પરત ઘરે જતી વખતે અકસ્માત સર્જાયો

સુરતઃ શનિવારે રાત્રે હીરાબાગથી કામરેજ તરફ જતા બ્રિજ પર કોઈપણ પ્રકારના રિફ્લેક્ટર કે સાઈન બોર્ડ વગર ઉભેલા ટ્રેક્ટરની પાછળ બાઈક અથડાતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. બનેલી ઘટનામાં રત્નકલાકાર પિતા પુત્ર તેમજ ભત્રીજાનું મોત નિપજ્યું હતું. જ્યારે પત્નીને ગંભીર ઈજાઓ પહોંચી હતી. ભાઈના સાસુના મરણ પ્રસંગમાં હાજરી આપીને ઘરે પરત જતી વખતે માયાણી પરિવારના બે માસૂમ બાળકો સહિત ત્રણ લોકોને કાળ ભરખી ગયો હતો.

...અનુસંધાન પાના ૭ પર

### મન બે બહેનનો એકનો એક ભાઈ હતો

અકસ્માતમાં શૈલેષના 6 વર્ષના પુત્ર મનનુ પણ મોત થયું હતું. મન બે બહેનો વચ્ચે એકનો એક ભાઈ હતો અને તે બાળમંદિરમાં અભ્યાસ કરતો હતો. તેમજ શૈલેષનો ભત્રીજો મંત્ર 8 વર્ષનો હતો. જે પાસોદરા વિસ્તારમાં આવેલ જે.પી ડાયમંડ સ્કૂલના ધોરણ-2માં અભ્યાસ કરતો હતો. તેમજ તેના પિતા પણ રત્નકલાકાર છે.

### નવનિર્મિત બ્રિજના કામ માટે ટ્રેક્ટર ઊભું રાખ્યું હતું

મળતી માહિતી પ્રમાણે, ગૌશાળાથી કાપોદ્રા સુધી નવા બ્રિજની કામગીરી કરવામાં આવી રહી છે. જેના કામ માટે ટ્રેક્ટરને વરાછા ઓવરબ્રિજ પર લઈ જવામાં આવ્યું હતું અને કામગીરી કરવામાં આવી રહી હતી.

### એક દિવસે ભાઈના સાસુ અને પરિવારના ત્રણની અંતિમયાત્રા નીકળી

મૃતક શૈલેષભાઈના ભાઈ વિજયભાઈના સાસુનું અવસાન થયું હોવાથી રાત્રિના સમયે ગયા હતા અને ત્યાંથી પરત ફરતા અકસ્માત નડ્યો હતો. વિજયભાઈના સાસુની અંતિમયાત્રા આજે સવારે નીકળી હતી. જ્યારે શૈલેષભાઈ અને તેમના પરિવારની પણ અંતિમયાત્રા આજે નીકળી હતી.

# ભીમપોરમાં બાઈક સ્લીપ થતાં ધો.9ના વિદ્યાર્થીનું મોત

**પીઠાવાલા** સ્કૂલનો વિદ્યાર્થી મિત્ર સાથે ફરીને પરત ઘરે આવી રહ્યો હતો ત્યારે કાળ ભરખી ગયો

સુરતઃ ભીમપોરમાં બાઈક સ્લીપ થતા ધોરણ-9ના વિદ્યાર્થીનું મોત નિપજ્યું હતું. જ્યારે તેના અન્ય મિત્રને ગંભીર ઈજાઓ પહોંચી હતી. મળેલી માહિતી મુજબ, મૂળ ઉકાઈના વતની પરેશ દિલીપ કાહુર (16 વર્ષ) હાલ ભીમપોર ગામમાં આવેલ વી.કે ફાર્મ સોસાયટી-2માં ભાઈ રોહિત સાથે રહેતો હતો. તેના માતા-પિતા સહિતનો પરિવાર વતનમાં રહે છે. તેમજ તેનો ભાઈ રોહિત ભીમપોરમાં માળી તરીકે કામ કરે છે. પરેશ અહીંની સી.કે પીઠાવાલા સ્કૂલના ધોરણ-9માં અભ્યાસ કરતો હતો. શનિવારે સાંજે તે તેના તુષાર નામના અન્ય મિત્ર સાથે બાઈક પર ફરવા માટે ગયો હતો. ફરીને તેઓ ઘરે પરત આવી રહ્યા હતા, ત્યારે ગવિયરગામ ભાટિયા ફાર્મના ગેટની સામે કમ્પાઉન્ડમાં તેમની બાઈક સ્લીપ થઈ ગઈ હતી. જેથી તે દિવાલ સાથે અથડાયો હતો. દરમિયાન બંનેને ગંભીર ઈજાઓ થતા 108 એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે પરેશને મૃત જાહેર કર્યો હતો. જ્યારે તેનો મિત્ર તુષાર સારવાર હેઠળ હોવાનું જાણવા મળ્યું હતું. અકસ્માતને પગલે ડુમસ પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, ભીમપોર અને ડુમસ વિસ્તારમાં અકસ્માતની સંખ્યા વધી રહી છે. ખાસ કરીને કેટલાક યુવાનો તો અહીં રીતસરની રેસ પણ લગાવે છે. જેના કારણે આ વિસ્તાર અકસ્માત ઝોન બની ગયો છે. અહીં શાળાના વિદ્યાર્થીઓને બાઈક ચલાવવા નહીં આપવી જોઈએ તેવું પોલીસ માની રહી છે.

# આમોદમાં 12 વર્ષીય બાળક પર રખડતાં શ્વાનોનો હુમલો

**મદ્રેસામાંથી** પરત ફરી રહેલા બાળકને શ્વાનો ઘેરી વળ્યા, ચીસાચીસ સાંભળી લોકો દોડી આવ્યા તો માંડ બાળકનો જીવ બચ્યો

**વારંવારની** રજૂઆતો છતાં આમોદ પાલિકાની નફ્ફટાઈ, 24 કલાકમાં ઉકેલ ન આવે તો આંદોલનની ચીમકી



### અગાઉની દુર્ઘટનાઓ છતાં તંત્ર બોધપાઠ લેતું નથી?

અગાઉ પણ આમોદના ભરબજારમાં અને મસ્જિદ પાછળના વિસ્તારોમાં શ્વાનો દ્વારા બાળકોની આંખો ફોડી નાંખવા સુધીના ગંભીર હુમલાઓ થયા હોવાના બનાવો નોંધાઈ ચૂક્યા છે. આમ છતાં, પ્રશાસન જાણે કોઈ મોટી જાનહાનિની રાહ જોઈને બેઠું હોય તેવો ઘાટ સર્જાયો છે.

ભરૂચઃ આમોદ શહેરમાં રખડતા અને હડકાયા શ્વાનોનો ત્રાસ દિન-પ્રતિદિન ભયજનક સપાટીએ પહોંચી ગયો છે. સ્થાનિક પાલિકા તંત્રની ઘોર બેદરકારી અને માત્ર કાગળ પર ચાલતી કામગીરીના કારણે નિર્દોષ નાગરિકોના જીવ જોખમમાં મુકાયા છે. તાજેતરમાં શહેરના વાંટા વિસ્તારમાં 12 વર્ષના એક માસૂમ બાળક પર શ્વાનોના ઝૂંડે જીવલેણ હુમલો કરતા સમગ્ર પંથકમાં રોષની જ્વાળા ભભૂકી ઉઠી છે. આ માસૂમ બાળક મદ્રેસામાં

...અનુસંધાન પાના ૭ પર

# ધો.12 કેમેસ્ટ્રીનું પેપર નબળું જતાં વિદ્યાર્થિનીનો આપઘાત

**બારડોલીના** બાબેન ગામની 20 વર્ષીય ખુશીએ અગાઉ એક ટ્રાયલ પણ આપી હતી



બારડોલીઃ શિક્ષણ જગત અને વાલીઓ માટે લાલબત્તી સમાન એક ઘટના સુરત જિલ્લાના બારડોલી તાલુકાના બાબેન ગામેથી સામે આવી છે. ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતી 20 વર્ષીય વિદ્યાર્થિની ખુશી જ્ઞાનેશ્વરભાઈ પાટીલે પરીક્ષાના ભાર અને નબળા પરિણામના ડરથી ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું છે. આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં શોકની કાલિમા છવાઈ ગઈ છે.

મળતી વિગતો અનુસાર, બાબેન ગામના ગોપાલનગરમાં રહેતા અને સુગર ફેક્ટરીમાં ફરજ બજાવતા જ્ઞાનેશ્વરભાઈ પાટીલની પુત્રી ખુશી ધોરણ-12 સાયન્સમાં અભ્યાસ કરતી હતી. શનિવારે ખુશીની રસાયણ વિજ્ઞાન (કેમિસ્ટ્રી) વિષયની પરીક્ષા હતી. જો કે, પરીક્ષા ખંડમાંથી બહાર આવ્યા બાદ તેને અહેસાસ થયો હતો કે પેપર તેની અપેક્ષા મુજબ ગયું નથી. અગાઉ એક પ્રયાસ કરી ચૂકેલી ખુશી આ વખતે પેપર બગડતા માનસિક રીતે ભાંગી પડી હતી.

શનિવારે સાંજે જ્યારે પરિવારના સભ્યો ઘરે હાજર ન હતા, ત્યારે સાંજે 4:45થી 5:30ના ગાળામાં ખુશીએ બેડરૂમમાં પંખા સાથે દુપટ્ટો બાંધી આત્મહત્યા કરી લીધી હતી. બારડોલી ટાઉન પોલીસે આ મામલે અકસ્માત મોત નોંધી કાયદેસરની તપાસ હાથ ધરી છે.

### શીતળ જળ માટેના માટલા બજારમાં આવી ગયા



ફ્રિજમાં રાખેલું પાણી ઠંડુ હોય છે તે તરસ છીપાવી શકતુ નથી પરંતુ જેમને ત્યાં ફ્રીજ હોય તે પણ શીતળ પાણી માટે માટલા અવશ્ય ખરીદે છે. (તસવીર : સતિષ જાદવ)

# સ્કૂલની ફ્રેન્ચાઈઝી આપવા માટે 3.04 લાખ ખંખેરી લીધા

સુરતઃ સોશિયલ મીડિયા પર ફ્રેન્ચાઈઝી આપવાની આકર્ષક જાહેરાત મૂકી સુરતના નોકરીયાત સાથે રૂ. 3,04,673ની ઠગાઈ થઈ હોવાનો બનાવ સામે આવ્યો છે. રકમ ચુકવ્યા છતાં સ્કૂલની ફ્રેન્ચાઈઝી ન આપતા ત્રણ મુંબઈગરા સામે ગુનો નોંધાયો છે.

જહાંગીરાબાદ સ્થિત કિંગગુડ્સ એપાર્ટમેન્ટમાં રહેતા પરાગ નવતીનભાઈ હિડોચા (ઉ.વ. 44) નોકરી કરી પરિવારનું ભરણપોષણ કરે છે. તેમણે ઈન્સ્ટાગ્રામ પર કીડઝી નામની સ્કૂલની ફ્રેન્ચાઈઝી આપવા અંગેની જાહેરાત જોઈ હતી.ફરિયાદ મુજબ, જાહેરાતમાં આકર્ષક શરતો સાથે રોકાણ પર સારો નફો અને સંપૂર્ણ શૈક્ષણિક સપોર્ટ આપવાની ખાતરી આપવામાં આવી હતી. જાહેરાતથી પ્રભાવિત થઈ પરાગભાઈએ તેમનો સંપર્ક સાંધ્યો હતો. આરોપીઓ (1) અખિલ ભાટીયા, (2) અભિષેક

...અનુસંધાન પાના ૭ પર

# હવે તસ્કરો ચોરી કરવા સ્ત્રીના વેશમાં આવે છે!

**રાંદેરની** કન્સ્ટ્રક્શન ઓફિસમાં રૂ. 1.70 લાખની ચોરી

સુરતઃ શહેરના રાંદેર વિસ્તારમાં આવેલી કન્સ્ટ્રક્શન વ્યવસાયીની ઓફિસમાં વહેલી સવારે સ્ત્રી વેશમાં આવેલા ત્રણ તસ્કરોએ તોડફોડ કરી લોખંડની તિજોરી ઉચકી રૂ. 1.70 લાખની રોકડ ચોરી કરી છે.

ડભોલી હરી દર્શનના ખાડા ખાતે પ્રિન્સ હેવનમાં રહેતા અને કન્સ્ટ્રક્શનનું કામ કરતાં નિલેષભાઈ ભગવાનભાઈ પટેલની (ઉ.વ. 47) રાંદેર સ્થિત પ્રિન્સ એલીગન્સમાં ઓફિસ આવેલી છે.

ગત તા. 28/02/2026ના રોજ વહેલી સવારે આશરે 02:50 વાગ્યાથી 04:30 વાગ્યા દરમિયાન ત્રણ અજાણ્યાએ તેમની ઓફિસને નિશાન બનાવી હતી. તેમની ઓફિસનો પાછળનો દરવાજો તોડી પ્રવેશેલા તસ્કરોએ ઓફિસમાં રાખેલી લોખંડની તિજોરીને બહાર ખેંચી લઈ જઈ એકબીજાની મદદથી તોડી હતી અને તેમાંથી રોકડા રૂ. 1,70,000ની રોકડ રકમ ચોરી કરી ફરાર થઈ ગયા હતા. સીસીટીવી કેમેરા ચેક કરતાં આ ત્રણેય ચોર સ્ત્રીના વેશમાં આવ્યા હોવાનું પણ બહાર આવ્યું હતું. સવારમાં ઓફિસ ખોલવા આવતા કર્મચારીઓએ પાછળનો દરવાજો તૂટેલો અને ઓફિસમાં ચીજવસ્તુઓ વિખરાયેલી હાલતમાં જોઈ માલિકને જાણ કરી હતી. ત્યારબાદ નિલેષભાઈ તાત્કાલિક સ્થળ પર પહોંચ્યા હતા અને ચોરીની પુષ્ટિ થતાં રાંદેર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે સ્થળ પર પહોંચી પંચનામું કરી આસપાસના સીસીટીવી કેમેરાના ફૂટેજ કબજે કર્યા છે.રાંદેર પોલીસે ત્રણેય અજાણ્યા ઈસમો સામે ચોરીનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

ટેક્નિકલ સર્વેલન્સ અને સીસીટીવી ફૂટેજના આધારે આરોપીઓ સુધી પહોંચવા પ્રયાસો હાથ ધરાયા છે.

# સચિનમાં મોડી રાત્રે ગારમેન્ટની દુકાનમાં ભીષણ આગ

સુરતઃ સુરતના સચિન વિસ્તારમાં આવેલા શુભમ કોમ્પ્લેક્સની એક કપડાંની દુકાનમાં શનિવારે મોડી રાત્રે ભીષણ આગ ફાટી નીકળવાની ઘટના બની હતી. સરસ્વતી સ્કૂલની પાછળ આવેલા આ કોમ્પ્લેક્સમાં આવેલી ‘શ્રી સુનવાની ક્રિએશન’ નામની રેડીમેડ ગારમેન્ટની દુકાન ગણતરીની મિનિટોમાં જ આગની લપેટમાં આવી ગઈ હતી. શનિવારે મોડી રાત્રે 11:41 વાગ્યે અચાનક દુકાનમાંથી ધુમાડાના ગોટેગોટા નીકળતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

આગ લાગવાનું પ્રાથમિક કારણ શોર્ટ સર્કિટ હોવાનું અનુમાન સેવાઈ રહ્યું છે. કાપડનો મોટો જથ્થો હોવાને કારણે આગે અત્યંત વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. ઘટના અંગે ફાયર વિભાગને કોલ મળતા ભેસ્તાન, ડિંડોલી અને ઉધના ફાયર સ્ટેશનની ગાડીઓ ઘટના સ્થળ પર પહોંચી હતી. સબ ફાયર ઓફિસર દીપક એમ. બારોટના જણાવ્યા મુજબ, દુકાનમાં રહેલા 8 સિલાઈ મશીન અને રો-મટીરિયલ સંપૂર્ણપણે બળી ગયા છે. સદનસીબે આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ દુકાન માલિકના જણાવ્યા અનુસાર તૈયાર

...અનુસંધાન પાના ૭ પર

# યુદ્ધને કારણે અખાતી દેશોમાં 3000 જેટલા ગુજરાતી ફસાયા

**ફ્લાઇટો** રદ, પ્રવાસીઓ-યાત્રાળુઓ અને કામદારો અટવાયા

ગાંધીનગરઃ ઈરાન, અમેરિકા અને ઈઝરાયેલ વચ્ચે વધતા સૈન્ય તણાવ અને હુમલાઓ બાદ મધ્ય પૂર્વમાં યુદ્ધ જેવી સ્થિતિ સર્જાઈ છે. જો કે તેના પડઘા હજારો કિલોમીટર દૂર ગુજરાતમાં સંભળાઈ રહ્યા છે. દુબઈ, અબુધાબી, શારજહાં, બહેરીન અને મક્કા સહિતના વિસ્તારોમાં અંદાજે 3000 જેટલા ગુજરાતી ફસાયા હોવાની માહિતી સામે આવી રહી છે, જ્યારે 1500થી વધુ લોકોએ પોતાના પ્રવાસના બુકિંગ રદ કર્યા છે.

### નાના રત્નકલાકારોને છૂટા કરવાની નોબત આવી શકે

સુરતઃ ડાયમંડ વર્કર યુનિયન ગુજરાતના ઉપપ્રમુખ ભાવેશ ટાંકે ભય વ્યક્ત કર્યો કે, “આ આર્થિક સંકટની સીધી અને સૌથી વધુ

...અનુસંધાન પાના ૭ પર

### સાવચેતી માટે ગુજરાતીઓના બિલ્ડિંગ ખાલી કરાવાયા

દુબઈમાં નોકરી-ધંધા સાથે જોડાયેલા ગુજરાતીઓમાં ભારે ચિંતા ફેલાઈ છે. સુરત જિલ્લાના માંગરોળ તાલુકાના પાલોદ ગામનો એક યુવાન, જે દુબઈમાં રિયલ એસ્ટેટના વ્યવસાય સાથે સંકળાયેલો છે, બે દિવસમાં પરત જવાનો હતો. પરંતુ હાલની પરિસ્થિતિને જોતા તેણે મુસાફરી મોકૂફ રાખી છે. તે રહેતો હતો તે વિસ્તારમાં સાવચેતીના ભાગરૂપે તંત્ર દ્વારા બિલ્ડિંગ ખાલી કરાવાયું હોવાનું જાણવા મળે છે. અનેક સ્થળોએ સુરક્ષા કડક બનાવવામાં આવી છે અને ધડાકાના અવાજોથી લોકોમાં ફફડાટ જોવા મળી રહ્યો છે.

### મક્કામાં 55 ગુજરાતી યાત્રાળુઓ અટવાયા, બહાર નીકળવામાં પણ ડર લાગે છે

મક્કામાં પવિત્ર યાત્રા માટે ગયેલા ગુજરાતના અંદાજે 55 લોકો હાલ હોટલોમાં રોકાયા છે. યુદ્ધ જેવી સ્થિતિને કારણે ફ્લાઇટો રદ થતાં તેઓ પરત ફરી શક્યા નથી. ફસાયેલા યાત્રાળુઓએ જણાવ્યું છે કે હોટલના ભાડા અને રહેવા-જમવાના ખર્ચ વધતા આર્થિક મુશ્કેલી ઊભી થઈ છે. કેટલાક યાત્રાળુઓએ દાવો કર્યો છે કે બહાર નીકળતાં પણ ડર લાગે છે. તેઓએ ભારત સરકાર અને વિદેશ મંત્રાલય પાસે વહેલી તકે સુરક્ષિત વતન વાપસી માટે અપીલ કરી છે.

### અમદાવાદ એરપોર્ટ પર સતત ફ્લાઇટો રદ

મધ્ય પૂર્વના તણાવની સીધી અસર અમદાવાદ એરપોર્ટ પર જોવા મળી રહી છે. દુબઈ, શારજહાં, કુવૈત અને અબુધાબી જતી અનેક ફ્લાઇટો રદ અથવા વિલંબિત થઈ છે. એરપોર્ટ

...અનુસંધાન પાના ૭ પર

# 3 દિવસમાં તાપમાન 3થી 5 ડિગ્રી વધશે

**દરિયાકાંઠે** ઉકળાટ વધશે, 4 થી 7 માર્ચ દરમિયાન ગરમ અને ભેજયુક્ત હવાના કારણે અસ્વસ્થતા વધવાની આગાહી

ગાંધીનગરઃ ગુજરાતમાં ગરમીનું પ્રમાણ દિવસેને દિવસે વધી રહ્યું છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિકોના જણાવ્યા મુજબ આગામી ચાર દિવસ દરમિયાન મહત્તમ તાપમાનમાં 3 થી 5 ડિગ્રી સેલ્સિયસનો ક્રમશઃ વધારો થવાની શક્યતા છે. ત્યારબાદ તાપમાનમાં મોટા ફેરફારની સંભાવના નથી. આ ઉપરાંત આગામી ત્રણ દિવસ દરમિયાન લઘુત્તમ તાપમાનમાં પણ 2 થી 3 ડિગ્રીનો વધારો નોંધાઈ શકે છે, જેના કારણે રાત્રિના સમયમાં પણ ગરમીનો અહેસાસ વધશે.

4 થી 7 માર્ચ દરમિયાન ગુજરાત પ્રદેશ અને સૌરાષ્ટ્ર-કચ્છના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમ અને ભેજયુક્ત હવાની સ્થિતિ યથાવત રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. ભેજના કારણે ઉકળાટભર્યું વાતાવરણ સર્જાશે અને લોકોને અસ્વસ્થતા અનુભવાઈ શકે છે. તાપમાનમાં વધારો અને દરિયાકાંઠા વિસ્તારોમાં વધતી ભેજને કારણે ખાસ કરીને વૃદ્ધો, બાળકો અને બહાર કામ કરતા લોકો માટે સાવચેતી જરૂરી

...અનુસંધાન પાના ૭ પર

### સુરતમાં તાપમાનમાં એક ડિગ્રીનો વધારો

સુરતઃ સુરત શહેરમાં આજે તાપમાનમાં નોંધપાત્ર વધારો નોંધાયો છે. શહેરનું મહત્તમ તાપમાન આશરે એક ડિગ્રી વધીને ૩૨.૯ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચ્યું હતું, જ્યારે લઘુત્તમ તાપમાન પણ એક ડિગ્રી વધીને ૧૯ ડિગ્રી નોંધાયું હતું. હવામાન વિભાગના જણાવ્યા મુજબ હવામાં ભેજનું પ્રમાણ ૩૯ ટકા નોંધાયું હતું, જેનાથી બપોર બાદ ઉકળાટનો અનુભવ થયો હતો. સાથે સાથે ઉત્તર-પશ્ચિમ દિશામાંથી પ્રતિ કલાક ૧૦ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાતા વાતાવરણમાં થોડી રાહત અનુભવાઈ હતી. સુરત સહિત દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાં આગામી બે દિવસ સુધી તાપમાન સ્થિર રહેવાની આગાહી કરવામાં આવી છે. જોકે ચાર તારીખ પછી શહેરમાં આકરા તડકાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. હાલમાં તાપમાન ધીમે ધીમે વધવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. આજે પણ તાપમાનમાં આશરે એક ડિગ્રીનો વધારો નોંધાયો હતો, જે આગામી દિવસોમાં વધુ તેજ બની શકે છે. હવામાન નિષ્ણાતો મુજબ આગામી દિવસોમાં બપોરના સમયમાં કડક તડકાને કારણે ગરમીનો પ્રભાવ વધુ અનુભવાશે. ખાસ કરીને વૃદ્ધો, બાળકો અને બહાર કામ કરતા લોકો માટે પૂરતું પાણી પીવું, છાંયામાં રહેવું અને બપોરે બહાર જવાનું ટાળવું

...અનુસંધાન પાના ૭ પર


**ક્ષત્રિય દુઃખદ અવસાન**



સ્વ. ચંદ્રકાંત
રતીલાલ રૂપાવાલા
સ્વ. તા. ૦૧/૦૩/૨૦૨૬, રવિવાર
તિથિ : ફાગણ સુદ તેરસ.

દિલગીરી સાથે જણાવવાનું કે અમારા પિતા ચંદ્રકાંત રતીલાલ રૂપાવાલાનું દુઃખદ અવસાન તા. ૦૧/૦૩/૨૦૨૬ ને રવિવારના રોજ થયેલ છે. પ્રભુ સદ્‌ગતના દિવ્ય આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના
-: સદ્‌ગતનું બેસણું :-
તારીખઃ ૦૨/૦૩/૨૦૨૬, સોમવાર, સમયઃ સવારે ૯ થી ૧૧
સ્થળઃ ૨/૧૧૬૧ મૂળશંકર શેરી સગરામપુરા, સુરત

-: લી. :- ગં. સ્વં ઉષાબેન ચંદ્રકાંત રૂપાવાલા (પત્ની)
જગદીશચંદ્ર રતીલાલ રૂપાવાલા (ભાઈ) | સ્વ. જયશ્રીબેન જગદીશચંદ્ર રૂપાવાલા (ભાભી)
પરેશ ચંદ્રકાંત રૂપાવાલા (પુત્ર) | કામિની પરેશ રૂપાવાલા (પુત્રવધુ)
નેહલ ચંદ્રકાંત રૂપાવાલા (પુત્ર) | અંકિતા નેહલ રૂપાવાલા (પુત્રવધુ)
જય પરેશ રૂપાવાલા (પૌત્ર) | તન્વી જય રૂપાવાલા (પૌત્રવધુ)
ભારતી ચંદ્રકાંત રૂપાવાલા (પુત્રી) | પ્રિશા નેહલ રૂપાવાલા (પૌત્રી)
આધ્યશ્રી નેહલ રૂપાવાલા (પૌત્રી)
તથા રૂપાવાલા પરિવારના જય શ્રી કૃષ્ણ



**ચોથી માસીક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**



સ્વ. શાંતિલાલ
ઉર્ફે શાન્તુભાઇ
નારણભાઇ પટેલ
(માજી સરપંચ)
સ્વ. તા. 02.11.2025

નથી હયાત છતાં છો એવું લાગ્યા કરે છે,
હરક્ષણ તમારી હાજરીનો આભાસ લાગ્યા કરે છે.
ક્યારેક કહેવાયેલી વાતના ભણકારા વાગ્યા કરે છે,
યાદોમાં તમારા પ્રત્યક્ષ દર્શન થયા કરે છે.
પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

લિ.
શ્રી વામનભાઈ નારણભાઈ પટેલ | શ્રી જયકુમાર વામનભાઈ પટેલ
શ્રી હર્ષકુમાર વામનભાઈ પટેલ | શ્રી ધ્રુવિલકુમાર શાંન્તુભાઈ પટેલ
શ્રી શીવકુમાર ઈશ્વરભાઈ પટેલ
(ઓમ, રિયા, ઉર્જા)
નિ:સ્થાન: ૩, પટેલ ફળિયુ, વડોદ ગામ, ભેસ્તાન, સુરત



**પ્રથમ પુણ્યતિથિ એ શ્રદ્ધાંજલિ**



ગં.સ્વ. ઉષાબેન નવિનચંદ્ર જરીવાલા
સ્વ. તા. ૦૨-૦૩-૨૦૨૫
અમારા પરિવાર પર સતત તમારા આશીર્વાદ વરસતા રહે એ જ પ્રાર્થના.

લિ.
સ્વ. નવિનચંદ્ર ભગવાનદાસ જરીવાલા
હિરેન નવિનચંદ્ર જરીવાલા | પુનમ હિરેનકુમાર જરીવાલા
પ્રિયંકા હિરેન જરીવાલા
દિવ્યા ધનવીન દોરીવાલા | ધનવીન વિપિનચંદ્ર દોરીવાલા
સ્વયમ- હયાના- વિઆંશ
તથા સમસ્ત જરીવાલા પરિવાર



**પ્રથમ વાર્ષિક શ્રધ્ધાંજલિ**



સ્વ. રાજેશ રામલાલ જરીવાલા સ્વ. ૦૨/૦૩/૨૦૨૫

પરિવાર જેનું મંદિર હતું, સ્નેહ જેની શક્તિ હતી. પરિશ્રમ જેનું કર્તવ્ય હતું. પરમાર્થ જેની ભક્તિ હતી. ધર્મ કદી ભૂલ્યા નહીં, વ્યવહાર કદી ચૂક્યા નહીં, પરિવાર માટે ફૂલો પાથરી ગયા, એવા દિવ્ય આત્માને પ્રભુ પરમ શાંતિ આપે એજ પ્રાર્થના અમારી.

લિ.
સ્વ. રામલાલ કેશવરામ જરીવાલા | ગં.સ્વ. ધનગૌરી રામલાલ જરીવાલા
ગં.સ્વ. ગીતાબેન રાજેશ જરીવાલા | કુ. ભગવતી રામલાલ જરીવાલા
પવન રાજેશ જરીવાલા | કરીશ્મા પવન જરીવાલા
ધ્રુપદકુમાર જે રાઠોડ | પ્રિયંકા ધ્રુપદકુમાર રાઠોડ
ભારતી હર્ષદ કાચીવાલા | જયશ્રી ભૂપેન્દ્ર મશરૂવાલા
દ્વિર જરીવાલા | જેવિન રાઠોડ
પ્રાહાન જરીવાલા



**પ્રથમ માસીક હૃદયપૂર્વક શ્રધ્ધાંજલિ**



સ્વ. મયુરીબેન
સંજયકુમાર મોદી
સ્વ.તા. ૦૨/૦૨/૨૦૨૬

તમારી તસ્વીર જોઈને હમારી આંખો રડી પડે છે. નાની ઉંમરે તમારી અણધારી વિદાય અમો સર્વેના કાળજા કંપાવી ગઈ, જીવનમાં થોડીક પળોમાં તમો સૌના હૃદયમાં અનંત પ્રેમ અને યાદો છોડી ગયા છો તમારી હસમુખી યાદો, હંમેશા અમારી સાથે જ છે. મન હજું માનતું નથી કે તમે અમારી વચ્ચે નથી, તમે ક્યાંય નથી ગયા, અમારી સાથેની તમારી યાદો, હંમેશા જીવંત રહેશે.

લિ.
સંજયકુમાર શાંતિલાલ મોદી (પતિ)
મુકેશભાઈ શાંતિલાલ મોદી | સંધ્યાબેન મુકેશભાઈ મોદી
કમલેશ શાંતિલાલ મોદી | મનીષાબેન કમલેશભાઈ મોદી
સિધ્ધાર્થ કમલેશભાઈ મોદી
અનીતાબેન શૈલેષકુમાર ચીનાઈવાલા | શૈલેષકુમાર મનસુખભાઈ ચીનાઈવાલા
નેન્સી હર્ષલકુમાર ગાંધી | હર્ષલકુમાર પીયુષભાઈ ગાંધી
સમસ્ત મોદી પરિવાર
લક્ષ્મી ટોબેકો સ્ટોર્સ



નૈનં છિન્દન્તિ શસ્ત્રાણિ નૈનં દહતિ પાવકઃ ।
ન ચૈનં ક્લેદયન્ત્યાપો ન શોષયતિ મારૂતઃ ॥



સત્ય, પ્રેમ, કરૂણા, વ્હાલપના પર્યાય
શ્રી માધુભાઈ વિરજીભાઈ ધાનાણી
જન્મ તા.૦૨/૦૩/૧૯૫૬, શુક્રવાર
સદાકાળ થી અનંતકાળ
આપની યાદમાં....
શ્રીમતી વિમળાબેન માધુભાઈ ધાનાણી
તથા
સમસ્ત પરિવારના
જય શ્રી કૃષ્ણ